સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

વિશ્વના ભ્રષ્ટાચારોનું ભારત શ્રેષ્ઠ ભૂષણ છે,
પોષણ ધનિકોનું અહીં ગરીબોનું શોષણ છે.
કુપોષણ બાળકોનું છે - તંદુરસ્ત કૌભાંડીઓ -
ઘૂંટાય શ્વાસ બેકારીમાં 'દિલ્હી' પ્રદૂષણ છે?!
(પ્રદૂષણમાં પણ ભારત નંબર-૧)

હાઈકુ

દંભ - દૂષણે
ભાષા ને ભાષણોમાં
નંબર વન...

શિવ-સેનાની
પાળેલી બિલ્લી હવે
કરે છે મ્યાંઉ !!

ચિંતન

અપાં મધ્યે તસ્થિવાંસં તૃષ્ણાવિદ્જરિતારમ્ ।
મૃણા સુક્ષત્ર મુણ્ય ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાં લેવામાં આવેલ છે.

દુઃખનું મુખ્ય કારણ છે મનુષ્યનું અજ્ઞાન. એટલા માટે મનુષ્યે ઊંચા ઊઠીને આત્મજ્ઞાન મેળવવું જોઈએ. એના દ્વારા બધી જ ઈચ્છાઓ શાંત થઈ જાય છે.

પરમાત્માએ સંસારમાં ઐશ્વર્યપ્રાપ્તિનાં અને સુખ-સંતોષનાં તમામ પ્રકારના સાધનોની વ્યવસ્થા કરી છે, પરંતુ મનુષ્ય પોતાની કામનાઓ અને ઈચ્છાઓ પૂરી કરવા માટે વ્યાકુળ રહે છે અને સાચા સુખનો આનંદ માણી શકતો નથી. મનુષ્યનો આત્મા અમૂલ્ય જ્ઞાનરત્નોનો ભંડાર છે, પરંતુ અજ્ઞાનતાને કારણે તેને ન ઓળખવાના લીધે ભિખારી જેવું દીનહીન અને દુઃખી જીવન વિતાવી રહ્યો છે.

અમૃતના અગાધ સાગરમાં રહેવા છતાં પણ એ તરસથી તડપી રહ્યો છે. 'પાની મે મીન પ્યાસી' જેવી આજે સ્થિતિ છે. આવી વિષયમ પરિસ્થિતિમાંથી મુક્ત બનીને આનંદથી ઉછળતું જીવન જીવવાનો માર્ગત્યારે જ મળી શકે છે જ્યારે આત્મજ્ઞાન થઈ જાય.

સુવિચાર

- કિતનો કી તકદીર બદલની હૈ તુમ્હે, કિતનો કો રાસ્તે પર લાના હૈ તુમ્હેં, અપને હાથોં કી લકિરોં કો મતદેખ, ઈન લકિરોં સે બહોત આગે જાતા હૈ તુમ્હેં - **શીશીર પાલીવાલ**
- કાળ નામ ને ભૂંસી શકે છે પણ કામ ને નહિ - **બોધિવૃક્ષ**
- જે વસ્તુ માટે તમે લાયક નથી એની માગણી પ્રભુ પાસે કરતા નહિ - **ડો. હરિશ મિનાશ્રુ**
- ત્યાગની ખોટી વાતો કરવાનું પણ માણસ ત્યાગી શકતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- વિષ એકવાર મારે છે પણ વિષયો દરરોજ મારે છે - **બ્રહ્મદર્શન સ્વામી**
- પૈસા ગણતા ધ્યાન બીજે જતું નથી, માળા કરતાં જ ધ્યાન નથી રહેતું - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : જવના લોટમાં તલનું તેલ અને છાશ મેળવીને ચોપડવાથી ખરજવું મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક યુવાન ને મગજમાં ઠસી ગયું કે ખૂબ મહેનતથી ભણી ગણી ખૂબ પૈસા ભેગા કરવા. તે ઘરમાં કોઈની સથે વાતચીત ન કરે બસ એક જ ધૂન કે જલ્દી પૈસા ભાગવા કરવા. દાદીએ એકવાર યુવાનને કહ્યું, 'અમારી સાથે બેસ, કંઈક તો સમય આપ. વાતો કર.' યુવાનનો જવાબ હોય કે, 'તમને ખબર છે આ પૈસાનું કેટલું મહત્ત્વ છે?' દાદીએ કહ્યું, 'મને ખબર છે કે આ પૈસાનું મહત્ત્વ 'નમક' જેટલું જ છે. યુવાને કહ્યું, 'દાદીમા, આપ કેવી વાત કરો છો કે પૈસા અને મીઠા એકસરખા મહત્ત્વના કહેવાય?' દાદીએ સ્પષ્ટતા કરતા કહ્યું, 'બેટા,તને ભાવતા આલુ પરાઠા બનાવું અને મીઠું નાખતાં ભૂલી જાઉં તો તને ભાવે? તું ખાઈ લે ?' યુવાને કહ્યું, 'ના... મીઠા વગરના પરોઠા હું ન ખાઉં.' દાદીએ કહ્યું, 'બરાબર જેમ, મીઠા વિનાના પરોઠા ન ભાવે તેમ પૈસા વિનાનું જીવન જીવવું અઘરું થઈ જાય. અને જો હું તારા દાદા માટે ખીંચડી બનાવું અને તેમાં ભૂલથી બે વાર મીઠું નાખી દઉં તો તે ખીંચડી દાદા ખાશે ?' યુવાને કહ્યું, 'ના, ખારી ખીચડી દાદા ન ખાઈ શકે.' દાદીએ કહ્યું, 'બસ, એવી રીતે જ અતિ પૈસો પોતાનાથી દૂર કરે... એટલે મેં કહ્યું, પૈસાનું મહત્ત્મ 'નમક' જેટલું હોય વધુ હોય તો પણ તકલીફ અને નુકશાનકારક... અને ઓછા હોય તો પણ અગવડ પડે, તકલીફ પડે. યુવાનને દાદીમાંની વાત ગળે ઉતરી ગઈ.

બેન્કોનો મુદ્દો પણ પ્રાથમિક તો ખરો

તંત્રીસ્થાનેથી...

ભારે વરસાદ, નવરાત્રી, કમોસમી વરસાદ, મંદીનો હાઉ, તહેવાર અને પછી 'મહા' વાવાઝોડું.... એટલી બધી ઘટનાઓ એક પછી એક આવી છે કે બીજી કોઈ બાબત પ્રત્યે આપણું ધ્યાન જ નથી ગયું. અને આ બીજી કોઈ બાબત એટલે બેન્કોની શાખાઓ બંધ થવાની બાબત.

છેલ્લા કેટલાક સમયથી સરકારી બેન્કોના મર્જરની પ્રક્રિયા ચાલી રહી છે. આ બાબતે કરવામાં આવેલી એક આરટીઆઈના જવાબમાં ચોંકાવનારો ખુલાસો કરાયો છે. જવાબ એમ કહે છે કે છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન બેન્ક વિલય અથવા શાખાબંધીની પ્રક્રિયાને કારણે જાહેર ક્ષેત્રની ૨૬ બેન્કોની કુલ ૩૪૨૭ શાખાઓનાં અસ્તિત્વ પર અસર પડી છે. જાણવા જેવી વાત એ પણ છે કે આ પૈકી ૭૫ ટકા એટલે કે ૨,૫૬૮ શાખાઓ તો દેશની સૌથી મોટી બેન્ક એવી ભારતીય સ્ટેટ બેન્કની છે.

છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન ઍસબીઆઈમાં પાંચ સહયોગી બેન્કો - સ્ટેટ બેન્ક ઓફ બિકાનેર એન્ડ જયપુર, સ્ટેટ બેન્ક ઓફ હૈદરાબાદ, સ્ટેટ બેન્ક ઓફ મૈસૂર, સ્ટેટ બેન્ક ઓફ પટિયાલા, સ્ટેટ બેન્ક ઓફ ત્રાવણકોર અને ભારતીય મહિલા બેન્કનો વિલય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બેન્ક ઓફ બરોડામાં વિજયા બેન્ક અને દેના બેન્કનો વિલય એપ્રિલ, ૨૦૧૯થી કરવામાં આવ્યો છે.

આરટીઆઈ ઍક્ટિવિસ્ટ ચંદ્રશેખર ગોડે કરેલી આરટીઆઈ અનુસાર ૨૦૧૪-૧૫માં દેશની ૨૬ સરકારી બેન્કોની ૯૦ શાખાઓ, ૨૦૧૫-૧૬૬માં ૧૨૬ શાખાઓ, ૨૦૧૬-૧૭માં ૨૫૩ શાખાઓ, ૨૦૧૭-૧૮માં ૨,૦૮૩ બેન્ક શાખાઓ અને ૨૦૧૮-૧૯માં ૮૭૫ શાખાઓ બંધ કરી દેવામાં આવી અથવા તો તેને બીજી બેન્ક શાખાઓમાં વિલય કરી દેવામાં આવી હતી.

બેન્કોની શાખાઓ બંધ કરવા માટેનાં કારણો પણ આરટીઆઈ અંતર્ગત ચંદ્રશેખર દ્વારા માગવામાં આવ્યાં હતાં, પરંતુ તે કારણો આરટીઆઈના જવાબમાં આપવામાં આવ્યાં નથી.

નિષ્ણાતો અને સરકાર પણ એવું માને છે કે નાની બેન્કોને ભેગી કરીને એક મોટી બેન્ક બનાવવામાં આવે તો સરકારી ખજાનાને ફાયદો થશે. પરંતુ એક મત એવો પણ છે કે સરકાર નાની બેન્કોને ભેગી કરીને જ્યારે મોટી બેન્કો બનાવે છે ત્યારે તેની અસર મૂળ બેન્કોની નાની શાખાઓને થાય છે, આવી શાખાઓ બંધ કરવાનો વારો આવે છે.

સરળતાથી સમજી શકાય એવી વાત છે કે બેન્કની શાખાઓ એટલા માટે ખોલવામાં આવી હતી કે નાગરિકોને પોતાના ઘરથી નજીક બેન્કિંગ સેવાઓ મળી રહે. ઉપરાંત મોટા વિસ્તારમાં એકાદ શાખા હોય તો તે ગ્રાહકોના મોટા ધસારાને પહોંચી પણ ન વળે. આમ, બેંકની જેટલી શાખાઓ વધુ તેટલો બેંક અને ગ્રાહકો એમ ઊભયપક્ષે ફાયદો જ થવાનો. પરંતુ, બેન્કોના મર્જરને કારણે જ્યારે શાખાઓ બંધ થશે ત્યારે બાકીની શાખાઓ પર જે ભારણ પડશે એને કેમ પહોંચી વળાશે ? ગ્રાહકોને ઘરઆંગણે સુવિધાઓ નહીં મળે તો શું થશે ? બેન્કોના કર્મચારીઓ, તેમનાં સંગઠનો બેન્કોનાં મર્જર ઉપરાંત નવી યોજનાઓનો વિરોધ કરી રહ્યાં છે, એ માટેનાં કારણો કયાં છે ? આ કારણો સાચાં છે કે ખોટાં ? એ પણ આ તબક્કે તપાસવું જ રહ્યું. ક્યાંક એવું ન થાય કે મોટું વહાણ બચાવવામાં નાનાં ભંગાણ ધ્યાન બહાર રહી જાય. બેન્કોનું મર્જર સલાહભર્યું હશે, પણ આ બાબતોય ધ્યાન માગી લે તેવી છે. ક્યાંક એવું ના થાય કે 'ગઢ તો આલા, પણ સિંહ ગેલા.'

બંને શૈલીના પ્રવાસની પોતપોતાની મજા છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'વાહ, તમારી હિંમતને દાદ છે, અમે બોલચાલની ભાષામાં ઘણીવાર કહીએ છીએ કે ભોળાના ભગવાન, તમારા કિસ્સામાં પણ એવું જ થયું ગણાય...' અભિષેકે એમના પડોશીને કહ્યું. તો તુરંત હસતા હસતા તેઓએ જવાબ આપ્યો કે, 'હંમેશા આવી સરળતાથી કામ પૂરા ન પણ થાય, પણ ઈલાજ ન હતો, એટલે દિવાળી જેવા પરબના દિવસોમાં પણ અમે નવ જણા બે ગાડીઓ લઈને નીકળી પડ્યા હતા, અને કોઈ પ્લાનીંગ વિના અમારો પ્રવાસ સુંદર રીતે પૂરો થયો.'

આ પ્રવાસની વાત પણ ઘણી રોચક છે. મૂળ ઉત્તર ગુજરાતનો પરિવાર ધંધા-રોજગાર અર્થે અમદાવાદમાં સ્થાયી થયો. અમદાવાદમાં પાઈપ્સ અને તેની સાથે જોડાયેલો એમનો ખુબ સારો ધંધો ચાલે. સંજયભાઈ અને એમનાં પત્ની જુલીબહેન તથા દીકરો યશ, એમના માતાપિતા સાથે રહે.... સોસાયટીમાં બધા સાથે સારો ધરોબો... મિલનસાર સ્વભાવ એટલે તમામ ઉત્સવોમાં પણ બંને આગળ પડતા હોય. જૂલીબહેન રોજ સોસાયટીના મંદિરે જાય અને ધાર્મિક ઉત્સવોમાં પણ ઉત્સાહથી જોડાય.

આ વર્ષે દિવાળીના દિવસોમાં અચાનક ગોઠવાયું કે ચાલો, પરિવારના સભ્યો સાથે કચ્છમાં ફરવા જઈએ. લોંગ ડ્રાઈવના અનુભવી એટલે બે ગાડીમાં નવ વ્યક્તિઓ ગોઠવાયા - સામાન ભર્યો ને ઉપડ્યા કચ્છ તરફ. આશાપુરા માતાના મંદિરે સાંજે પહોંચ્યા - ભાવપૂર્વક દર્શન કર્યા, ભારે ભીડ ભક્તોની - કોટેશ્વર ગયા. આખરે રાત્રી નિવાસ માટે કયાંયે જગ્યા ન મળી. કોઈને ગુગલ પર સર્ચ કરતા એક ધાર્મિક સંસ્થાનું ઠેકાણું ને ફોન નંબર મળ્યા. ફોન કર્યો તો એ યુવાને કહ્યું કે અહીં તો જગ્યા કયાંયે નથી પણ તમે પ્રવાસી છો, હું મદદ કરીશ, મને પંદર મીનીટ આપો. દસમી મીનીટે ફોન આવ્યો ને કહે 'અમારા ગામમાં આવી જાવ, એક ખાલી બંગલામાં વ્યવસ્થા થઈ જશે.' સાવ નજીક એ ગામ હતું. એ યુવાને પોતના સંપર્કોથી એક બંગલો જે સાવ ખાલી હતો, એન.આર.આઈ.નો હતો, એમના વ્યવસ્થાપકને વિનંતી કરીને, મંજુરી મેળવીને ત્યાં રહેવાની વ્યવસ્થા કરી આપી. અતિ સુંદર અને તમામ સુવિધા સંપન્ન બંગલામાં રહ્યા... બીજા દિવસે આભાર માની ત્યાંથી નીકળ્યા, બે-ત્રણ સ્થાનોએ ફર્યા - ભૂજ શહેરમાં બહુ બધે તપાસ કરી, કયાંકે રહેવા માટે ખાલી જગ્યા નહિ. એક મિત્રએ કહ્યું, મારા ઘરે આવો - વિશાલ બંગલો હતો, કહે અમે બે જ છીએ - અહીં રહો. આ લોકોને યોગ્ય ન લાગ્યું... અને જુઓ કમાલ... એ મિત્રએ કયાંક ફોન લગાવ્યા. 'ચાલો તમારા માટે માની ના શકાય એવી સુંદર પ્રોપર્ટીની વ્યવસ્થા કોઈકની મહેરબાનીથી થઈ ગઈ છે.' આમ કહી એ કચ્છના કોઈ નાનકડા ગામમાં લઈ ગયા, રાત પડવા આવી હતી. એક ફાર્મ હાઉસ હતું. જેની સંભાળ કોઈ રાખતું હતું. માલિક એન.આર.આઈ. હતા. જે પેલા મિત્રના મિત્ર હતા.

એમને ફોન કરીને અનુમતી લીધી. અને સંજયભાઈના પરિવાર જનો માટે દોઢેક એકરમાં ફેલાયેલું અને તમામ આધુનિક સુવિધાઓથી સભર એક રળિયામણું ફાર્મ રહેવા માટે મળી ગયું. બે દિવસ ત્યાં રહ્યા - ખૂબ આનંદ કર્યો અને તસ્વીરો સ્મૃતિઓ સાથે પરત અમદાવાદ આવ્યા.

●●●

આપણે ત્યાં પ્રવાસમાં જઈએ ત્યારે બે પ્રકારે જવાય... એક તો તમામ પ્રકારે પૂરતા પ્લાનિંગ સાથે, ઝીણવટપૂર્વક આયોજન કરીને અને બીજું 'પડશે એવા દેવાશે' એમ વિચારીને. પ્લાનિંગ કરનારા સ્વાભાવિક રીતે સલામતી અને વ્યવસ્થ જુએ છે જયારે ત્યાં પહોંચીને વ્યવસ્થા ઊભી કરનારા સાહસ, રોમાંચ, જે પરિસ્થિતિ છે તેનો સ્વીકાર અનુભવે છે.

બંને શૈલીના પ્રવાસની પોતપોતાની મજા છે. પ્રવાસ લાંબો હોય કે ટૂંકો, લોકો પોતપોતાની રીતે પ્રવાસ કરે છે અને એનો આનંદ લે છે. કોઈ આયોજન વિના પહોંચી જનારા લોકોને પણ કયારેક અકલ્પ્ય એવી મદદ પ્રાપ્ત થઈ જતી હોય છે જે આયોજન સાથે જનારને પણ ના મળે.... આવું થાય ત્યારે આનંદના અજવાળા રેલાય છે.

લાભ-શુભના સ્ટીકર ઉંબરે નહીં હૃદય પર લગાવીએ

વિચારયાત્રા
ડો. જય ઓઝા

એક સમય હતો કે જયારે બેસતા વર્ષના દિવસે વહેલી સવારે 'સબરસ લે લો....', 'સબરસ લે લો...' ની બૂમ મારતા ફેરિયા નીકળતા... 'સબરસ' એટલે મીઠું... કોઈ પણ વાનગીમાં મીઠું ન હોય તો કોઈ જ સ્વાદ ન આવે.... આ જ કારણે મીઠું સબરસ તરીકે પણ ઓળખાય છે. બધા જ રસોનો જેમાં સમાવેશ થઈ જાય તે સબરસ.

દરેક વિતેલ વર્ષ આપણી માટે કડવી-મીઠી-તીખી સ્મૃતિઓ છોડી જાય છે... આવનારું વર્ષ પણ આવા જ સબરસથી ભરપુર રહેવાનું છે... દરેક રસને વધાવવાનું ઝીરવવાનું જામ મેળવવાની શક્તિ જ ઈશ્વર પાસે માંગવાની છે.

આપણે 'આશાવાદી' છીએ, ગમે તેટલી મુશ્કેલીઓ, મોંઘવારી, ભ્રષ્ટાચાર, બેકારી જેવા અનેક રાક્ષસો માથે ઝળુંબતા હોવા છતાં આપણને સુખની આશા દરેક દુઃખને પાર કરવાની ક્ષમતા આપણા 'આશાવાદી' અભિગમના કારણે મળે છે.

નવા વર્ષે આપણું જીવન વધુને વધુ સુખમય બને એ જ અપેક્ષા સાથે આપણે ગતવર્ષને વિદાય કરીએ છીએ, અને આતશબાજી કરીને નવા વર્ષને આવકારીએ છીએ...

જિંદગી સબરંગી હોવી જાઈએ, તો જ સબરસને માણવાની આવડત આવશે... દુઃખ, પીડા, યાતના, મુશ્કેલી, બધા રસ આગામી વર્ષે આવવાના જ છે... જીવનની સાર્થકતા એમાં છે કે જા આપણે આપણો સ્વભાવ જળકમળવત્ રાખીએ તો જ સર્વ રસોની રસતા પામી શકીશું... પાણીને જે પાત્રમાં નાખીએ તે પાત્રનો આકાર ધારણ કરી લે છે. જળવત્ બનીને સમયના પ્રવાહ સાથે તાલમેલ સાધીને આવનારી પરિસ્થિતિ અને સંજાગો અનુસાર આપણું વ્યક્તિત્વ બનાવી દેવું આવશ્યક છે.

જીવનની પૂર્ણતા અને પશુતા બંને શરીરથી જ શરુ થાય છે અને શરીરનો દોરી સંચાર તો આપણું મન જ કરતું હોય છે ને ! તન-દુરસ્તી સાથે મન-દુરસ્તી એટલી જ આવશ્યક છે.

પોઝીટીવ એનર્જી સાથે દરેક મુશ્કેલીઓની ઐસી કી તેસી કરી નાખવાની વૃત્તિ સાથે આગળ વધીએ...

દિપ પ્રજ્જવલન પરોક્ષ રીતે આપણા હૃદયમાં પણ થાય તે આવશ્યક છે. અન્યથા હૃદય સળગતું અને હૃદયમાં દીવા પ્રગટ થવા આ બંનેમાં આભ-જમીનનો તફાવત છે...

આપણે અત્યારે અનેક પ્રકારની માનસિક,આર્થિક અને સામાજિક વિટંબણાઓથી ઘેરાયેલા છીએ. દૂર દૂર સુધી નજર કરીએ તો ઘોર નિરાશા સિવાય કશું જ દૃષ્ટિગોચર થતું નથી...

સંબંધોના સરોવર સૂકાતા જાય છે, આત્મીય લોકોની ગણતરી વેઢે ગણાય તેટલી જ રહી છે, પૈસા તો કદાચ ખૂબ કમાઈ લઈશું, પરંતુ સાથે બેસીને માણવાવાળા, પોતાના કહેવાય તેવા લોકો ખૂબ જ ઓછા થઈ રહ્યા છે.

દિવાળી સમયે ફરસાણ અને મીઠાઈની હાટડીઓ જે રીતે દેખાય છે, તેમ ઘરનો ખાલીપો ભરી દે તેવા નિઃસ્વાર્થ કે માયાળું સથવારાની ગીફ્ટ વાળા શોપિંગ મોલ પણ ખૂલવા જાઈએ.

મોંઘાદાટની મીઠાઈઓ, ફરસાણ સજાવીને બેસતા આપણે સહું સામેવાળા માણસ પાસેથી શું અપેક્ષા રાખીએ છીએ ? કે કોઈ આપણા ઘરમાં થોડોક સમય માટે પણ ઊર્જા લઈને આવે - આપણી એકલતા દૂર કરી દે તેવી ક્ષણો લઈ આવે અને પછી વળી પાછા આપણે તે ક્ષણોના સથવારે આખું વરસ વીતાવી દઈએ...

વાસ્તવમાં જોવા જઈએ તો આપણે સહું આત્મીયતાના ભૂખ્યા છીએ... પરંતુ આપણે જેવું આપીશું તેવું જ પામીશું તે સિદ્ધાંત ભૂલી ગયા છીએ...

જેટલા બને એટલા હકારાત્મક અભિગમથી લોકોનું તથા પરિસ્થિતિઓનું આકલન કરીને જતું કરવાની ભાવના કેળવશું તો આપણો મન-ઝુરાપો દૂર થશે... અને આ લાભપાંચમ ખરા અર્થમાં મન-પાંચમ શુભલાભ મન પાંચમ બની રહેશે...

માત્ર લાભ નહીં શુભ પણ જાઈએ... લાભ... પાંચમ ભલે કહેવાય પરંતુ માત્ર પોતાનો લાભ સ્વાર્થ જોવાનો નહીં શુભ પણ હોવું આવશ્યક છે... માટે જ લાભ-સાથે શુભ જાડાયેલું હોય છે... માત્ર લાભ લેવાનો લોભ કરીશું તો શુભ પ્રાપ્ત નહીં થાય... શુભની પ્રાપ્તિ માત્ર શંભુને ભજવાથી નથી થતી... માણસાઈની પૂજા કરવાથી શુભની પ્રાપ્તિ થાય છે...

અને શુભ વિચારીશું તો લાભ તો આપોઆપ પાછળ આવશે... પરંતુ માત્ર લાભનો વિચાર કરીને સમષ્ટિ પ્રત્યે સ્વાર્થી બની ગયા તો પછી શુભની પ્રાપ્તિ અશક્ય છે...

શુભ-અને લાભના સ્ટીકર ઘરના બારણે - ઊંબરા પર અને મન અને હૃદય પર મારવા જરૂરી છે.

મોનોટોનસ - રુટિન - કંટાળાજનક જિંદગીમાં 'કીક' વાગે તેની માટે આ બધા ઉત્સવોનું આયોજન આપણા પૂર્વજો કરતા ગયા... પરંતુ આપણે તો ઉત્સવોને પણ રુટિન બનાવી દીધા...

દિવાળી આવી... નવા કપડાં લાવ્યા - લાવવા પડે એટલે - ફટાકડા ફોડ્યા - નાનું બાળક હોય તો તેની જીદ પૂરી કરવા માટે - મઠિયા-ચોળાફરી તળ્યા... મહેમાન - કોઈ ભૂલે ચૂકે આવી જાય તો ધરવા થાય માટે... કંદોઈને ત્યાંથી મીઠાઈ લઈ આવ્યા... લોકોને સારું લાગે માટે.. ગણ્યા ગાઠ્યા લોકોને મળી આવ્યા... હેપી દિવાલી, હેપી ન્યુ યર કરી હાથ મિલાવી દીધા અને પછી.. ઘરે ગોદડા ઓઢીને સૂઈ ગયા...

ઢગલાબંધ ફોન ડીરેક્ટરીના નંબરોને વીણી વીણીને 'હેપ્પી દિવાલી'ના થોકબંધ વ્હોટ્સએપ મેસેજ મોકલી દઈને - અને તે પણ ફોરવર્ડીયા મેસેજ મોકલી દઈને શિષ્ટાચાર નિભાવ્યાનો ઓડકાર ખાઈને ઘોંટી જઈશું...

અને અથવા તો ચાર દિવસની રજામાં ઘરને તાળાકૂંચી દઈને નજીકના કે દૂરના ફરવાના સ્થળે ભાગી જઈશું... કે જેથી જફા જ નહીં...' કોઈ આવે નહીં અને આપણે કયાંય જવું નહીં.... કામ પૂરું... બસ પટાવટ કરીને દિવાળી ઉજવી નાખી, કામ તમામ....

આવા અભિગમ સાથે લાભ-પાંચમ કયારેય શુભ પાંચમ બની શકે ખરી ?

- jayuoza@gmail.com, Mo.9898046488

૧૯૭૦માં ભારતીય સિનેમા ઉદ્યોગને 'બોલીવુડ' નામ મળ્યું

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

માણસને ઝડપથી શું યાદ રહી જાય ? બોલીને, વાંચીને, જોઇને, કે પછી સાંભળવાની સાથે જોઇને. આ પ્રશ્ન સદાકાળથી ચર્ચાતો આવ્યો છે. તાજેતરમાં થયેલા વૈજ્ઞાનિક સંશોધનોએ પૂરવાર કર્યું છે કે, વાંચવા અને સાંભળવાના કરતાં દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમ માણસના મગજમાં ખૂબ ઝડપથી અને ઊંડી અસર ઊભી કરે છે. એક જમાનો હતો કે, લોકરંજન માટે શેરી નાટક સૌથી વધારે અસરકારક માધ્યમ ગણાતું હતું. ત્યાર બાદ ફ્રાન્સના લુરીયર બ્રધરે ૧૮૯૬માં ભારતની સૌથી પહેલી સાયલન્ટ શોર્ટ ફિલ્મ બનાવી. લુરીયર બ્રધરની આ સાયલન્ટ શોર્ટ ફિલ્મને ભારતીય સિનેમા ઉદ્યોગને પ્રથમ દસ્તક આપ્યા એમ કહી શકાય.

ભારતમાં વિધિવત રીતે ફિલ્મો બનાવવાની શરૂઆત ત્યારપછી છેક વર્ષ ૧૯૧૩થી થઈ. દાદાસાહેબ ફાળકે એક એવું ભારતીય સિનેમા ઉદ્યોગનું આદરપાત્ર નામ છે કે, જેમણે તેમનું સમગ્ર જીવન દ્રશ્ય-શ્રાવ્ય મનોરંજનની દુનિયાને સમર્પિત કર્યું. દાદાસાહેબે ભારતની સૌથી પહેલી ફુલ લેન્થ ફિલ્મ બનાવી અને રિલિઝ કરી. દાદા સાહેબની આ પહેલી ફિલ્મનું નામ હતું 'રાજા હરિશ્ચંદ્ર'. સ્વાભાવિક રીતે જ આ પહેલી ફિલ્મ સંવાદ વગરની મુંગી અને બ્લેક એન્ડ વ્હાઈટ હતી. રાજા હરિશ્ચંદ્ર ફિલ્મને ભારતીય સિનેમાનો પ્રથમ માઈલસ્ટોન ગણવામાં આવે છે. મજાની વાત તો એ છે કે, આ ફિલ્મના પ્રોડ્યુસર, ડાયરેક્ટર, કેમેરામેન, સ્ક્રીપ્ટ રાઈટર, મેકઅપ મેન વન એન્ડ ઓલ દાદાસાહેબ ફાળકે જ હતા. વર્ષ ૧૯૧૩થી વર્ષ ૧૯૧૮ વચ્ચે દાદાસાહેબે ૨૩ જેટલી ફિલ્મોનું નિર્માણ કર્યું. સિનેમા પ્રત્યે અડગ નિષ્ઠા અને અદભુત લગનને કારણે જ દાદાસાહેબની ક્રિએટીવીટીને ભારતીય ફિલ્મ ઉદ્યોગે અને ભારતીય લોકોએ હૃદયપૂર્વક પોંખી. ભારતીય સિનેમાનો ઉલ્લેખ આવે ત્યારે ઈંડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ભીષ્મ પિતામહ દાદાસાહેબ ફાળકેનું નામ સૌથી પહેલા લેવું પડે.

એ વાત પણ એટલી જ વાસ્તવિક છે કે, વર્ષ ૧૯૧૦થી ૧૯૨૦ના દશક દરમિયાન એ જમાનામાં જેટલી ફિલ્મો બનવી જોઈએ એટલા પ્રમાણમાં ફિલ્મોનું પ્રોડકશન થઈ શક્યું ન હતું. પરંતુ એ સમયે દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમની અસરકારકતાના કારણે હિન્દુસ્તાનીઓના હૃદયમાં સિનેમા પ્રત્યે રસ પેદા થઈ ચૂક્યો હતો. લોકોને ફિલ્મોનું માધ્યમ ગમવા લાગ્યું હતું. બરાબર આ જ સમયગાળામાં પશ્ચિમના હોલીવુડના ફિલ્મ મેકર્સ પણ ફિલ્મો બનાવવા મેદાનમાં આગળ આવવાનો પ્રયાસ કરી રહ્યા હતાં. એ જમાનામાં ભારતીય ફિલ્મોનું કથાનક ઐતિહાસિક અને પૌરાણિક પાત્રોની ઈર્દ-ગીર્દ રહેતું. જ્યારે હોલીવુડની ફિલ્મોમાં એકશન-મારધાડની ફિલ્મો બનતી. ભારતીય ફિલ્મો અને પશ્ચિમની ફિલ્મો વચ્ચે મૂળતઃ આ વૈચારિક તફાવત ઉડીને આંખે વળગે તેવો હતો.

વર્ષ ૧૯૩૧માં આદેસર ઈરાનીએ 'આલમઆરા' નામની સંવાદવાળી ફિલ્મ બનાવીને રિલીઝ કરી. સાઈલેન્ટ મુવીની ફ્રેમમાં સંવાદનું તત્ત્વ ઉમેરાતા ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જબરજસ્ત ચેતનાનો સંચાર થયો. ત્યાર પછી આદેશર ઈરાનીએ જ વર્ષ ૧૯૩૭માં 'કિશન કનૈયા' નામની પહેલી કલર ફિલ્મ પ્રસ્તુત કરી. વર્ષ ૧૯૧૩થી ૧૯૩૧ સુધી ભારતની માયાનગરી મુંબઈમાં જ ફિલ્મોનું નિર્માણ થતું એવું ન હતું. ૧૯૧૭માં પહેલી બંગાળી ફિલ્મ 'નળ-દમયંતી' બની અને તેના બે વર્ષ બાદ ૧૯૧૯માં દક્ષિણ ભારતમાં 'કિચાલાવધાઉ' નામની ફિચર ફિલ્મ બની તેના ૧૩ વર્ષ પછી ૧૯૩૨માં મરાઠીમાં 'અયોધ્યા ચા રાજા' રિલીઝ થઈ.

૧૯૪૯નું વર્ષ આધુનિક ફિલ્મોના નિર્માણનો ટનલ્ગ પોઈન્ટ ગણવામાં આવે છે. માનવીની રોજીંદી જિંદગીની સમશ્યાઓ, સામાજિક પ્રશ્નો, સંસ્કારિતા, સમાજ જીવન વગેરે વિષયો ઉપર ફિલ્મો બનવા લાગી. ૧૯૬૦નો દશક આવતાં આવતાં ઋત્વિક ઘટક અને મૃણાલ સેન જેવા ફિલ્મ મેકર્સે સામાન્ય માનવી અને એના જીવનના ઉતાર ચઢાવના વિષયોને લગતા કથાનક ઉપર ફિલ્મોનું નિર્માણ કરવાનું શરૂ કર્યું. ૧૯૫૦થી ૧૯૬૦નો દાયકો ભારતીય સિનેમા ઉદ્યોગનો સ્વર્ણિમ દશક તરીકે ઓળખાય છે. આ દોરમાં મેઘાવી અદાકારોએ સિલ્વર સ્ક્રીનને ગજવી હતી. ગુરુદત્ત, મીનાકુમારી, રાજકપુર, દિલીપકુમાર, મધુબાલા, નરગીસ, નૂતન, દેવાનંદ જેવા મેગાસ્ટાર્સે હિન્દુસ્તાની પ્રજાના દિલમાં દસ્તક દીધી. અહીં એ પણ ઉલ્લેખ કરવો જરૂરી છે કે, ૧૯૭૦નો દાયકો આવતા સુધીમાં હોલીવુડ ફિલ્મ ઈન્ડસ્ટ્રી ફોટોગ્રાફી અને એડીટીંગમાં વૈજ્ઞાનિક ઉપકરણોનો ઉપયોગ કરીને બોલીવુડ કરતાં થોડાં વધુ મજબૂત ડગલાં ભરીને આગળ નીકળી ગઈ. વર્ષ ૧૯૫૭મા મહેબુબ ખાન નિર્દેશીત 'મધર ઈન્ડિયા' ભારતીય સિનેમા જગત માટે પ્રથમ માઈલ સ્ટોન જેવી ફિલ્મ હતી. અમેરિકન લેખક કેથરિન માયોના પુસ્તક 'મધર ઈન્ડિયા'ના નામ ઉપરથી મહેબુબ ખાને ભારતીય સમાજ જીવનને રજુ કરતી તેમની ફિલ્મનુ નામ રાખ્યું હતું. વર્ષ ૧૯૭૦માં જ ભારતીય સિનેમા ઉદ્યોગને બોલીવુડ નામ મળ્યું. જો કે કેટલાક લોકો બોલીવુડને 'ઈન્ડીવુડ' પણ કહે છે. ૧૯૭૦નો દાયકો ભારતીય ફિલ્મોના મસાલામુવીના દાયકા તરીકે ઓળખાય છે. સાથે સાથે આ જ સમયગાળામાં બોલીવુડમાં ડ્રામેટિક અને એકશન મુવીનો દોર પણ શરુ થયો. રાજેશ ખન્ના, ધર્મેન્દ્ર, હેમા માલિની અને અમિતાભ બચ્ચન જેવા અદાકારો આ સમયગાળા દરમિયાન ભારતીય સિલ્વર સ્ક્રિન ઉપર ઊભરી આવ્યા.

ભારતીય સિનેમાની તવારિખી વિશે વાત નીકળે ત્યારે ૧૯૭૫માં રિલીઝ થયેલી ફિલ્મ શોલેને યાદ કરવામાં ન આવે તો ભારતીય સિનેમાનો ઉજ્જવળ ઈતિહાસ અધુરો લાગે. ૧૫ ઓગસ્ટ ૧૯૭૫ના રોજ ભારતના સિનેમા ઘરોમાં ગબ્બરસિંગના નામનું એક વિલન કેરેકટર છવાઈ ગયું. શોલે ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીની બ્લોકબ્લસ્ટર ફિલ્મ સાબિત થઈ. આ ફિલ્મના ટેકનિકલી, ફોટોગ્રાફિકલી, લોકેશન, સ્ક્રીપ્ટ, આદાકારી વગેરે